# પાવાગઢથી પરત ફરતા વડોદરાના બે શિક્ષકો ખંડીવાડા નર્મદા કેનાલમાં ડૂબ્યા

**ઘટનાના** કલાકો વીતિ જવા છતાં શિક્ષકોનો પત્તો નહીં, હાલોલ ફાયર દ્વારા શોધખોળ ચાલુ



(પ્રતિનિધિ) વાઘોડિયા તા.5

વડોદરાથી પાવાગઢ ફરવા ગયેલા ચાર શિક્ષક મિત્રો પૈકીના બે શિક્ષકો ખંડીવાડા નર્મદા કેનાલમાં ડૂબી જતા ઘટનાને કલાકો વીતી જવા છતાં તેમનો કોઈ પત્તો લાગ્યો નથી. હાલોલ ફાયર વિભાગ દ્વારા સતત શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ સફળતા મળી નથી.

મળતી માહિતી મુજબ વડોદરાના ચાર શિક્ષક મિત્રો પાવાગઢ ફરવા ગયા હતા. પાવાગઢથી પરત ફરતી વખતે વડોદરા-હાલોલ રોડ પર જરોદ નજીક આવેલી ખંડીવાડા નર્મદા કેનાલ પાસે તેઓએ કાર રોકી હતી. ચાર પૈકી ત્રણ મિત્રો કેનાલની પાળ પર બેઠા હતા, ત્યારે રાહુલ યાદવ નામના શિક્ષક પગ ધોવા માટે કેનાલમાં ઉતર્યા હતા. આ દરમિયાન તેમનો પગ લપસતા તેઓ પાણીમાં ડૂબવા લાગ્યા હતા.

રાહુલ યાદવ બુમાબૂમ કરતા તેમના મિત્ર શુભમ પાઠક તેમને બચાવવા કેનાલમાં કૂદી પડ્યા હતા. તરતા આવડતું હોવા છતાં કેનાલના તેજ વહેણ સામે બંને હારી ગયા અને પાણીમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતા જ અન્ય શિક્ષક મિત્રો દ્વારા હાલોલ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

બનાવની જાણ મળતા હાલોલ નગરપાલિકા ફાયર વિભાગ અને જરોદ પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગત રોજ સાંજ પડી જતા અંધારાના કારણે રેસ્ક્યુ ઓપરેશન રોકવામાં આવ્યું હતું, જ્યારે આજે સવારે ફરીથી શોધખોળ શરૂ કરવામાં આવી છે. તેમ છતાં હજુ સુધી બંને શિક્ષકોના કોઈ સંકેત મળ્યા નથી.

આ સમગ્ર ઘટનાની જાણ શિક્ષક મિત્રો વિધુત પ્રસાદસિંહ અને અશિત જન્મેજયભાઈ ઓઝા દ્વારા જરોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક અને ચિંતા ફેલાવી છે, જ્યારે ફાયર વિભાગની ટીમ સતત પ્રયાસ કરી રહી છે.

# વડોદરામાં વધુ એક માર્ગ અકસ્માતમાં મોપેડ સવાર 20 વર્ષીય યુવતીનું કરુણ મોત

**પ્રિયા** સિનેમાથી ભાયલી રોડ પર ગમખ્વાર ઘટના પોલીસે તપાસ હાથ ધરી







(પ્રતિનિધિ) વડોદરા. તા. 5

વડોદરા શહેરના પ્રિય સિનેમાથી ભાયલી તરફ જતા માર્ગ પર આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક્ટિવા જેનો નંબર GJ 06 SG 2140 પર સવાર એક 20 વર્ષીય યુવતીનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, મૃતક યુવતીનું નામ નેત્રા વ્યાસ હોવાનું સામે આવ્યું છે. નેત્રા વ્યાસ પોતાનું એક્ટિવા લઈને પ્રિય સિનેમા અને ભાયલીને જોડતા માર્ગ પરથી પસાર થઈ રહી હતી, તે દરમિયાન અચાનક આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે યુવતીને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિકોની ભીડ ઘટનાસ્થળે એકઠી થઈ ગઈ હતી. તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવતા, પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. અકસ્માત કયા સંજોગોમાં થયો, તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ માર્ગ પર વાહનોની ગતિ અને ટ્રાફિકનું નિયમન ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યું છે.

## દૂષિત પાણી આવતા લોકો નર્કાગારભર્યું જીવન નિર્વાહ કરવા મજબુર

# ફતેપુરા ખત્રીવાડમાં દૂષિત પાણીથી રોગચાળો ફેલાવાની દહેશત : મહિલાઓનો વિરોધ

**નવી લાઈન** નાખી આપવામાં નહીં આવે તો અધિકારીઓને દૂષિત પાણી પીવડાવવાની ચીમકી ઉચ્ચારાઈ



(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા શહેરના હાથીખાના વિસ્તારમાં આવેલા ફતેપુરા ખત્રીવાડમાં છેલ્લા એક વર્ષથી ઉભરાતી ગટરના કારણે લોકોના ઘરોમાં દૂષિત પાણી આવતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. લોકોમાં રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત ઊભી થઈ છે. વારંવાર રજૂઆત કરવા છતાં પણ સમસ્યાનો કોઈ યોગ્ય ઉકેલ નહીં આવતા મહિલાઓએ એકત્ર થઈ તંત્ર સામે બળાપો કાઢી નવી પાણીની લાઈન નાખી આપવા માંગણી કરી હતી.

ખત્રીવાડમાં રહેતા અસમાબાનુએ જણાવ્યું હતું કે, અમારી માંગણી એ છે કે, આ વિસ્તારમાં નવી લાઈન જોઈએ છે. હાથીખાના ખત્રીવાડ વિસ્તારમાં વારે ઘડીએ ગટરો ઉભરાઈ જાય છે. કોઈ જોવા આવતું નથી. ઓનલાઈન કમ્પ્લેન કરીએ છે, તો માત્ર આવીને પ્રેશર મારી અને જતા રહે છે અને બીજા દિવસે જેવું છે તેવું ને તેવું જ થઈ જાય છે. નાના નાના બાળકો છે માંદા થાય બીમારીમાં સપડાય તો એની જવાબદારી કોણ લેશે. ઘરમાં જ્યારે ન્હાવા બેસીએ ત્યારે એવું લાગે કે ગટરના પાણીથી અમે નાહી રહ્યા છે. છેલ્લા બે મહિનાથી અહીંયા ગટરો ઉભરાય છે, પણ કોઈ યોગ્ય નિરાકરણ આવતું નથી. મેધા દુધવાલાએ જણાવ્યું હતું કે,અમારા ખાવાના પાણીમાં પીવાના પાણીમાં દુર્ગંધ મારી રહી છે. નાના બાળકોને કમળો ઝાડા ઉલટી જેવા રોગો થઈ જશે, તો સરકાર જવાબદારી લેશે ? અમારી નમ્ર વિનંતી છે કે, અમને નવી લાઈન જોઈએ જેથી કરીને અમારા બાળકો અને અમે સ્વસ્થ રહીએ. ખૂબ જ ગંદુ પાણી આવે છે. ગટર મિશ્રિત પાણી આવે છે. જેનો ઉપયોગ અમે કશે કરી શકતા નથી. અમારી માંગણી છે કે, આખા વિસ્તારમાં નવી પાણીની લાઈન નાખી આપવામાં આવે. જેથી કરીને આ સમસ્યાનો કાયમી ધોરણે નિકાલ આવે.

# કારનો કાંચ તોડી ડોલર સહિતના સામાનની ચોરી કરનાર રીઢો ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.5



વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગોરવા દશા માતાજીના મંદિર પાસેના ખુલ્લા મેદાન માંથી અગાઉ ખૂન તેમજ ચોરીના ગુનામાં પકડાયેલ સીધો આરોપી નિર્મલ ઉર્ફે મંગલ ઉર્ફે પાંડે પ્રવીણભાઈ આહિર રહે. સત્યમ એપાર્ટમેન્ટ, ગોરવા મૂળ.રહે, સૂર્યલોક સોસાયટી સુભાનપુરાને મોપેડ સાથે શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો. તેની ઝડપી દરમિયાન તેની પાસેથી સોનાની ચેન અને એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો અને તેણે તેની પાસેથી મળેલી આ સોનાની ચેન સહિતના મુદ્દા માલ બાબતે કોઈ આધાર પુરાવા રજૂ કરી શક્યો ન હતો. સઘન પૂછપરછ દરમિયાન તેણે તેના સાગરીત સાથે ગત.તા.11 ડિસેમ્બરના રોજ રાત્રિના સાતથી નવ વાગ્યાના સમયગાળા દરમિયાન તરસાલી બાયપાસ પાસે આવેલા બ્લીસ ફાર્મ ચિખોદરા રોડ ખાતે પાર્ક કરેલી ક્રેટા કારનો કાચ તોડી તેમાંથી સોનાની ચેન,ત્રણ હજાર ડોલર, કપડાઓ વગેરે કીમતી વસ્તુઓ રાખેલી કુલ છ બેગો જે તમામની કુલ કિંમત 1,50,000 મત્તાની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જે કબુલાતના આધારે ક્રાઈમ બ્રાન્ચે તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે કપૂર આઈ પોલીસ મથકને સોંપવામાં આવ્યો હતો. તપાસમાં ઝડપાયેલા આરોપી નિર્મલ વર્ષ 1999 થી અવારનવાર ચોરીના તેમજ શરીર સંબંધી ગુનાઓ કરતો હોય વર્ષ 2002માં જેપી રોડ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ખૂનના ગુનામાં ઝડપાઈ જતા આજીવન કેદની સજા થઈ હતી અને આઠ વર્ષ સુધી જેલમાં રહ્યા બાદ અપીલના કારણે જેલમાંથી બહાર આવ્યો હતો અને ત્યારબાદ પણ તેની ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખતા તેની સામે ચોરી સહિતના કુલ 18 જેટલા ગુનાઓ નોંધાયા છે.

# ઓવરટેક કરવાના ચક્કરમાં બૂલેટ પર સવાર બે યુવાનો કાર સાથે અથડાતાં ઈજા

**બૂલેટસવાર** બંને યુવાનોને સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા





(પ્રતિનિધિ) વડોદરા. તા. 5

વડોદરા શહેરમાં બેફામ રફતારનો કહેર યથાવત રહ્યો છે, જેના પગલે ગંભીર માર્ગ અકસ્માતોનો સિલસિલો પણ અટકવાનું નામ નથી લઈ રહ્યો. આજે રાત્રે લગભગ 10 વાગ્યાના અરસામાં ગોલ્ડન ચોકડીથી હરણી તરફ જવાના માર્ગ પર સ્થિત તૃપ્તિ હોટેલની સામેના વિસ્તારમાં એક ભયાનક અકસ્માત સર્જાયો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, બુલેટ બાઈક જેનો નંબર GJ 06 SG 8113 પર સવાર બે યુવાનો અત્યંત ઝડપી ગતિએ પોતાનું વાહન ચલાવી રહ્યા હતા. અકસ્માત સમયે, યુવાનોએ ઓવર સ્પીડમાં અન્ય વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસ દરમિયાન, બુલેટ સવાર યુવાનોએ વાહન પરનું સંતુલન ગુમાવ્યું હતું અને આગળ જઈ રહેલી એક ફોર-વ્હીલર ગાડી જેનો નંબર GJ 06 PB 9656 સાથે ધડાકાભેર અથડાયા હતા. અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે ફોર વ્હીલર ગાડીનો પાછળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. ઘાયલ યુવાનોને હોસ્પિટલમાં ખસેડાયા હતા. હાલ યુવાનોની તબિયત અંગે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.



## ખિસકોલી સર્કલ પાસે રસ્તો ઓળંગી રહેલી મહિલાના બંને પગ પર આઈસર ફરી વળતા મોત

વડોદરા શહેરના ખિસકોલી સર્કલ પાસેથી રસ્તો ઓળંગી રહેલી 45 વર્ષીય કોમલબેન ને આઇશર ટેમ્પાના ચાલકે અડફેટે લેતા તેમના બંને પગ પરથી ટેમ્પો પસાર થતા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. ઇજાગ્રસ્ત થતા કોમલબેન ને સારવારઅર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ હોસ્પિટલમાં હાજર તબીબો દ્વારા ગંભીર રીતે ઇજાગ્રસ્ત કોમલબેન ને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

## સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે 'ગંદકીનું નરક'

# રાવપુરામાં તંત્રે શૌચાલય તોડી તો પાડ્યું પણ બનાવવાનું ભૂલી ગયું?

**ઘી કાંટા** રોડ પર ખંડેર હાલતમાં શૌચાલયનો ઉપયોગ કરવા નાગરિકો મજબૂર



(પ્રતિનિધિ) વડોદરા તા.5

શહેરના હાર્દ સમાન રાવપુરા વિસ્તારમાં આવેલ ઘી કાંટા રોડ પર જાહેર શૌચાલયની અત્યંત ખરાબ હાલતને કારણે સ્થાનિકો અને રાહદારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે આ શૌચાલય તંત્રની બેદરકારીનો જીવંત નમૂનો બની ગયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઘી કાંટા રોડ પર આવેલું આ જાહેર શૌચાલય લાંબા સમયથી જર્જરિત હાલતમાં છે. આશ્ચર્યની વાત એ છે કે શૌચાલય એટલું ભંગાર હાલતમાં છે કે તેને જોતા તે શૌચાલય છે કે કેમ તે ઓળખવું પણ મુશ્કેલ છે. તેમ છતાં, વિસ્તારમાં અન્ય કોઈ સુવિધા ન હોવાથી અહીંથી પસાર થતા લોકો અને શ્રમિકો આ જોખમી શૌચાલયનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વડોદરા કોર્પોરેશન દ્વારા જૂના શૌચાલયને તોડી પાડવામાં આવ્યું હતું, પરંતુ નવું શૌચાલય બનાવવાની કામગીરી અધવચ્ચે જ લટકાવી દેવામાં આવી છે. હાલમાં શૌચાલયમાં ટાઈલ્સ લગાવવાનું કામ પણ અધૂરું છોડી દેવાયું છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયું છે.

એક તરફ જ્યારે સ્વચ્છતાના મોટા-મોટા અભિયાનો ચલાવવામાં આવે છે, ત્યારે શહેરના મુખ્ય માર્ગ પર આવેલી આ ખંડેર જેવી હાલત પાલિકાની કામગીરી સામે અનેક સવાલો ઉભા કરે છે. સ્થાનિકોની માંગ છે કે આ શૌચાલયનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે અને લોકોને સુવિધા પૂરી પાડવામાં આવે.

## ગુજરાત પબ્લિક સ્કૂલના ગેટ પાસે વગર વરસાદે ભ્રષ્ટાચારનો ભૂવો





■ વડોદરા શહેરની ગુજરાત પબ્લિક સ્કૂલ (GPS) ના મુખ્ય ગેટની બરાબર બહાર જ વગર વરસાદે એક મોટો ભૂવો પડતા સ્થાનિકો અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આશ્ચર્યજનક રીતે, વરસાદની મોસમ ન હોવા છતાં પડેલા આ ભૂવાએ સત્તાધીશો દ્વારા તાજેતરમાં જ કરવામાં આવેલા રોડના કામની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. નાગરિકો આ ઘટનાને 'ભ્રષ્ટાચારનો જીવતો જાગતો પુરાવો' ગણાવી રહ્યા છે. સ્કૂલના પ્રવેશદ્વાર પાસે ભૂવો પડવાના કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્ટાફને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## તરસાલી વિસ્તારમાં વધુ એક ચોરીનો આરોપ

# ઘરમાં ચોરી કરનાર કામવાળી સામે વધુ એક ફરિયાદ નોંધાવી

**પ્રોફેસર** બાદ હવે અન્ય રહેવાસીએ પણ કામવાળી વિરુદ્ધ નોંધાવી અરજી

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા શહેરમાં ઘરકામ કરતી મહિલા દ્વારા ચોરી કરવાના કેસમાં વધુ એક ઉમેરો થયો છે. તરસાલી વિસ્તારમાં પારુલ યુનિવર્સિટીના એક પ્રોફેસરના મકાનમાંથી 17 તોલાથી વધુ વજનના સોનાના દાગીનાની ચોરીના આરોપ બાદ, હવે તે જ વિસ્તારના અન્ય એક રહેવાસીએ પણ સમાન આક્ષેપ સાથે કામવાળી બાઈ વિરુદ્ધ પોલીસમાં લેખિત અરજી આપી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તરસાલીની મારુતિ ધામ સોસાયટીમાં રહેતા અશોકભાઈ પ્રતાપરાવ સાતભાઈ દ્વારા પોલીસને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. તેમની અરજી મુજબ, છાયાબેન બારીયા નામની મહિલા તેમના ઘરમાં કામ કરવા આવતી હતી.

અશોકભાઈએ આક્ષેપ કર્યો છે કે ઘરમાં કામકાજ દરમિયાન છાયાબેને પરિવારના સભ્યોની નજર ચૂકવીને ચારથી પાંચ તોલા વજનના સોનાના દાગીનાની ચોરી કરી છે. અગાઉ, આ જ મહિલા સામે પ્રોફેસરના ઘરમાંથી 17 તોલાથી વધુ દાગીનાની ચોરીનો આરોપ લાગી ચૂક્યો છે અને લેખિતમાં અરજી પણ અપાઈ છે.

એક જ કામવાળી મહિલા પર વિસ્તારના બે જુદા જુદા પરિવારો દ્વારા મોટા પાયે સોનાના દાગીનાની ચોરી કરવાનો આક્ષેપ થતાં પોલીસે આ મામલે વ્યાપક તપાસ શરૂ કરી છે. બંને ફરિયાદોની સત્યતા ચકાસવા અને ચોરી કરાયેલા મુદ્દામાલની રિકવરી માટે પોલીસ કાર્યવાહી કરી રહી છે.

## રેલવેના એજન્ટો અને ટિકિટોમાં ગરબડીઓને રોકવા માટે નિર્ણય લેવાયો

# આધાર લિંક વગરના IRCTC યૂઝર્સ સવારે 8 થી સાંજે 4 વાગ્યા સુધી ટિકિટ રિઝર્વેશન કરાવી નહિ શકે

**રેલવે** દ્વારા ટિકિટ રિઝર્વેશનની સિસ્ટમમાં ફેરફાર કરાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

રેલવેએ ટિકિટ રિઝર્વેશનની સિસ્ટમમાં મોટો ફેરફાર કર્યો છે. રેલવેએ વર્ષ 2026માં ટિકિટ બુકિંગ માટેના નિયમોમાં અનેક મોટા ફેરફાર કર્યા છે. 5 જાન્યુઆરીથી રેલવેએ એડવાન્સ બુકિંગ રિઝર્વેશન સિસ્ટમમાં આધાર કાર્ડની જરૂરિયાત વધારી છે. એડવાન્સ બુકિંગ માટે આધાર જરૂરી કર્યું છે. જો તમારું આઈઆરસીટીસી એકાઉન્ટ આધાર સાથે લિંક નહીં હોય તો તમે સવારે 8 વાગ્યાથી લઈને સાંજે 4 વાગ્યા સુધી ટિકિટનું બુકિંગ નહીં કરી શકો.

રેલવેએ એડવાન્સ ટિકિટ બુકિંગ એટલે કે 60 દિવસ પહેલા ખુલતી ટિકિટ વિન્ડોના પહેલા દિવસ માટે નિયમ બદલ્યો છે. રેલવેના નિયમ મુજબ બુકિંગ ખુલવાના પહેલા દિવસે જેમણે પોતાના આઈઆરસીટીસી એકાઉન્ટને આધાર કાર્ડ સાથે લિંક નહીં કર્યું હોય તેમને રેલવેના નિયમ મુજબ ટિકિટ બુકિંગમાં પરેશાની થશે. 5 જાન્યુઆરીથી આધાર લિંક વગરના આઈઆરસીટીસી યૂઝર્સ સવારે 8 વાગ્યાથી લઈને સાંજે 4 વાગ્યા સુધી ટિકિટ રિઝર્વેશન કરાવી શકશે નહીં. આ નિયમ એડવાન્સ ટિકિટ વિન્ડો ખુલ્યાના ફક્ત પહેલા દિવસે જ લાગૂ થશે. રેલવેના દલાલો અને ટિકિટોમાં ગરબડીઓને રોકવા માટે આ નિર્ણય લેવાયો છે. નવા નિયમ હેઠળ 29 ડિસેમ્બરથી સવારે 8થી 12 વાગ્યા સુધી આધારવાળા યૂઝર્સ માટે ટિકિટ બુકિંગ બંધ રખાયું. જ્યારે 5 જાન્યુઆરી એટલે કે આજથી તેને વધારીને સવારે 8 વાગ્યાથી લઈને સાંજે 4 વાગ્યા સુધી કરવામાં આવ્યું. જ્યારે 12 જાન્યુઆરીથી સવારે 8 વાગ્યાથી લઈને રાતે 12 વાગ્યા સુધીનો સમય કરવામાં આવશે. એટલે કે જેમની પાસે આધાર કાર્ડ નહીં હોય તેઓ ફક્ત રાતે જ ઓનલાઈન ટિકિટ બુક કરી શકશે. જો કે રેલવેએ આ કડકાઈ ફક્ત ઓનલાઈન ટિકિટ બુકિંગ પર લાગૂ કરી છે. ઓફલાઈન ટિકિટ બુકિંગ યથાવત ચાલુ રહેશે. રેલવેએ ટિકિટ બુકિંગમાં થતી ગડબડીઓને રોકવા માટે આ પગલું ભર્યું છે. આધારની મદદથી ફેક એકાઉન્ટ, ગેરરીતિઓની ઓળખ થઈ શકશે. આધાર વગરના લાખો ફેક એકાઉન્ટ બંધ ક રાયા છે. રેલવેના આ નિર્ણયથી એડવાન્સ ટિકિટના ઓપનિંગ ડે પર હવે સામાન્ય નાગરિકોને કન્ફર્મ ટિકિટ મળવામાં સરળતા રહેશે. જેમની પાસે આધાર નથી તેઓ કાં તો ઓફલાઈન ટિકિટ બુક કરાવી શકશે અથવા તો ડેડલાઈન પૂરી થયા બાદ કરી શકશે. આધાર સાથે લિંક આઈઆરસીટીસી એકાઉન્ટમાં ઓટીપીની મદદથી ટિકિટ બુકિંગ પૂરું થાય છે.

### IRCTC પર આધાર કઈ રીતે લિંક કરવું

આઈઆરસીટીસી એપ કે વેબસાઈટથી ઓનલાઈન ટિકિટ બુક કરાવવા માટે તમારે એકાઉન્ટને આધાર સાથે લિંક કરવું પડશે. આ માટે તમે આઈઆરસીટીસી એકાઉન્ટને લોગ ઈન કરો. ત્યારબાદ માય પ્રોફાઈલ પર જઈને આધાર કેવાયસી પર જઈને તમારો આધાર નંબર નાખો. ત્યારબાદ તમારા મોબાઈલ ફોન પર ઓટીપી આવશે. જેને ભર્યા બાદ તમારું આઈઆરસીટીસી એકાઉન્ટ આધાર સાથે લિંક થઈ જશે.

# ટ્રેનની મુસાફરી દરમિયાન 1.19 લાખની મતા ભરેલા પાકિટની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

મુંબઈના રહેવાસી સુનિલ વાગરેચા ગત તારીખ ૯મી ડિસેમ્બરના રોજ પોતાના પરિવાર સાથે મુંબઈથી રાજસ્થાનના ચિત્તોડગઢ જઈ રહ્યા હતા. મુસાફરી દરમિયાન તેમના પાકિટમાં સોનાના દાગીના અને રોકડ રકમ સહિત કુલ 1,19,508/- ની મતા હતી. જોકે, જ્યારે પરિવારે પોતાનું પાકિટ તપાસ્યું ત્યારે તે મળી આવ્યું ન હતું. આ પાકિટ કોઈ અજાણ્યા ઉઠાવગીર દ્વારા ઉઠાવી લેવામાં આવ્યું હોવાનું માનીને પરિવારે આ અંગે વડોદરા રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ગુમ થયેલા પાકિટમાં મોટી રકમની મતા હોવાને કારણે રેલવે પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈને તાત્કાલિક ધોરણે કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે અજાણ્યા ઉઠાવગીર વિરુદ્ધ ફરિયાદ નોંધીને ટ્રેનમાં તેમજ રેલવે સ્ટેશનો પરના સીસીટીવી ફૂટેજની તપાસ સહિતની કાર્યવાહી શરૂ કરી છે.

## આખી દુનિયાને ઓનલાઈન ટિકીટ આપી દીધી અને સભ્યોને લાઈનમાં ઉભા રહેવાનું : ડો.દર્શન

# બીસીએના સભ્યો લાઈનમાં ઉભા રહી ભારત ન્યુઝીલેન્ડ મેચની ટીકીટ મેળવશે

**વેચાણમાં** કશી ખામી રહી ગઈ, વડોદરાના લોકોને લાભ મળવોજ જોઈએ

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

આગામી 11 જાન્યુઆરીના રોજ યોજાનાર ભારત ન્યુઝીલેન્ડ વચ્ચેની મેન્સ ઓડીઆઈ મેચને લઈ ટિકિટો સોલ્ડ આઉટ થતા ક્રિકેટ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તો બીસીએના હરીફ જૂથના સભ્યોમાં પણ નારાજગી જોવા મળી છે. આગામી ચૂંટણીમાં હરીફ જૂથના ઉમેદવારે બીસીએની આ પ્રક્રિયામાં ઘણી બધી ખામીઓ હોવાનું જણાવ્યું હતું.

બીસીએમાં હરીફ જૂથના અગ્રણી ડો.દર્શન બેંકરે આ મામલે જણાવ્યું હતું કે, પહેલા જે ટિકિટો વહેંચવામાં આવી બુક માય શો પર એમાં ઘણી બધી ખામીઓ રહી ગઈ છે, એવું મારું માનવું છે. અને એને કારણે ઘણા બધા વડોદરાવાસીઓ ટીકીટ વગરના રહ્યા છે. તમે પહેલા દિવસે ટિકિટો સોલ્ડ આઉટ કરી દીધી અને ફરીથી બુમો પડી ત્યારે તમે એવું કીધું કે કાલે ફરી ટીકીટ આપીશું. તો એનો મતલબ શુ થયો. વડોદરાના લોકોને લાભ મળવોજ જોઈએ. એના માટે જ્યારે ઓનલાઈન ટીકીટ આપી. ત્યારે, વડોદરા માટે ખાસ ઓફલાઈન કાઉન્ટર કર્યું હોત તો વડોદરાના લોકોને એમના માટે એક્સલુઝીવ ટીકીટનો રાઈટ, આપણે સમજી શકીએ છીએ કે, બહારથી પણ બધા બોવ લોકો જોવા માટે આવે, પણ વડોદરા માટે ખાસ વ્યવસ્થા કરી હોત તો વધારે સારું થાત. વધુમાં જણાવ્યું હતું કે, સભ્યોને ટિકિટો હજી મળી નથી બાકી છે, મંગળવારે લાઈનમાં ઉભા રાખી આપવાના છે. વિચાર કેવા જેવું કે, આખી દુનિયાને ઓનલાઈન આપી દીધી દરેક ખૂણે અને સભ્યોને લાઈનમાં ઉભા રહીને ટિકિટ આપવાની એમના ઘરે બોલાવીને બીસીએની પોતાની ઓફિસ છે, તો શું કામ સંસ્કૃતિ હોલમાં બધાને બોલાવે છે. એટલે પોતાના ઘરે બોલાવે છે. સભ્યોને લાઈનમાં ઊભા રહીને ટિકિટ લેવાની 2000 જેટલા સભ્યો છે. બે દિવસ રાખ્યું છે. એક દિવસની 1000 સભ્યોની ટિકિટ લેવાની 8 કલાકમાં 1 000 સભ્યોને ટિકિટ લેવાની એટલે કેટલો બધો સમય વેડફાટ થવાનો. ચાલુ દિવસે બધા સભ્યોએ ત્યાં જઈને ટિકિટ લેવાની આવું કોઈ જગ્યાએ જોયું છે અને આજના જમાનામાં કોઈ આવું કરે. તમારી પાસે દરેક સભ્યનો મોબાઈલ નંબર છે. ઘરનું એડ્રેસ છે તો પછી શું કરવા સભ્યોને ત્યાં બોલાવો છો, કુરિયર થ્રુ મોકલી શકાય અથવા મોબાઈલ પર ઓટીપી લઈને મોકલી શકાય. આજના સ્વીગી અને ઝોમેટોના જમાનામાં આવું થોડું કરાય.